## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તું કહે તેમ કરવાનું ફાવે નહી ,
મન વગર રોજ મળવાનું ફાવે નહી .
હો જગત આખ્ખું સામે ,ના લડું ;
જાત સાથેય લડવાનું ફાવે નહી .
ચાલશે આખીયે જિંદગી ઝાંઝવા ,
છીછરાં જળમાં તરવાનું ફાવે નહી .

પીયૂષ પરમાર

### પાથેય

- રમેશ ઠક્કર

## ધ્યેયથી ધીરજ સુધી...

જીવન જીવવાની પણ અમુક માણસોની પોતાની શરતો હોય છે..એ માટે એમને ઘણી સજ્જતા રાખવી પડે છે..સહન પણ કરવું પડે છે..આમછતાં આવા સામા પૂરે તરનારા તરવૈયાઓની પણ કમી નથી હોતી..સામાન્ય રીતે લોકો બે લીટી વચ્ચે લખાતા શ્રુતલેખનની માફક જીવન જીવતા રહે છે..જે રીતે સંજોગો સામે આવે એ મુજબ સટ બદલતા રહેવું..આવા લોકો અનેક હોઇ શકે..જે વ્યક્તિ પોતાની કેડી કંડારે અને પોતે જ પોતાનો પ્રવાહ નક્કી કરે એવા લોકોનો પ્રભાવ અલગ જ હોય છે..એ લોકો પોતાના મનના માલિક હોય છે. કોઇ કહે એમ એ જીવતા નથી..પોતાનું મન કહે ત્યાં જ એમનો મુકામ બની રહે છે..

પોતાના મનગમતા ધ્યેય માટે માણસે પોતે જ લડવાનું હોય છે.ધ્યેયપ્રાપ્તિ માટે ઝઝુમવાનો સમય..મહેનત સાથે કોઇકની પ્રેરણા પણ જરુરી છે.મારી જ વાત કરૂં તો એકસમયે અમારો આદર્શ એલન બોર્ડર હતો..ઓસ્ટ્રેલિયાનો આ ડાબોડી બેટસમેન કટોકટીના સમયે જ પુરબહારમાં ખીલી ઉઠતો..સંજોગો જેટલા વધુ પડકારજનક એ વધારે દ્રઢતાથી ફટકાબાજી કરતો...હસી હસીને ફૂલ ઝરે ગુલમહોરની માફક! અમુક લોકોને છીછરાં જળમાં તરવાનું ફાવતું જ નથી હોતું..

આખરે તો આપણી ઇચ્છા જ આપણી પગદંડી બની જાય છે.જીજિવિષા છે તો જગત છે...ઘણા માણસો પડકારને વિકરાળ ગણી અકાળે શરણાગતિ સ્વીકારી લે છે..પરંતુ પડકારને પડકારનાર અનોખા હોય છે.શેખાદમની ખુમારી જુઓ..

'અમને નાખો જિંદગી ની આગમાં..આગ ને પણ ફેરવીશું બાગમાં..સર કરીશું આખરે સૌ મોરચા..મોત ને પણ આવવા દો લાગ માં..'..આ એક અજબ ખુમારીના ઉદગાર છે..એ ખાલી શબ્દો થકી જ પ્રગટ ના થાય..એની પ્રાપ્તિ માણસની અંતરની અમીરાત ઉપર નિર્ભર છે..

કોઇપણ ધ્યેય માટે મહેનત અનિવાર્ય ગણાય પરંતુ માણસની ઇચ્છાશક્તિ અને લડાયક અભિગમ એમાં રંગ પુરે છે..અસ્થિર કદમો થી રસ્તો કપાતો નથી..મકકમતા ના માંડવે થી છુટેલો અશ્વ હણહણાટી થી દોડતો હોય છે..એની ચાલ ઝડપી હોય એ જરુરી છે પરંતુ એની આંખમાં એકાગ્રતા અને એટીટ્યુડ માં આક્રમકતા પણ એટલી જ આવશ્યક છે..પડકાર ના પ્રારંભકાળે જ અસ્ત થઇ જતો દરેક સૂર્ય જો અડચણોને અતિક્રમી જાય તો અનોખા ઝગમગાટની શકયતા પ્રત્યેક કિરણમાં હોય છે !!

# બુલડોઝર પોલિટિક્સ બૂમરેંગ થઈ શકે છે

**તંત્રીસ્થાનેથી...**

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનું નવું હુલામણું નામ 'બુલડોઝર સીએમ' પડી ગયું છે. તોફાન કરનારનું ઘર જ તોડી નાખી જમીનદોસ્ત કરી નાખવાની નવી રાજનીતિ ભારતીય જનતા પાર્ટીને કાનૂની કઠેડામાં ઊભી કરી શકે છે. એક વાત તો સુનિશ્ચિત બની ચૂકી છે કે શાસક પક્ષ હવે હિંદુ બહુમતી પર જ મુસ્તાક છે અને એનું ધ્રુવીકરણ કરવાની એક પણ તક જવા દેતો નથી. નૂપુર શર્માએ વગર કારણે પયગંબર વિશે અભદ્ર ટીકા કરી એ પણ પાર્ટીની બહુમતી સમુદાયને ખુશ કરવાની પોલિસીનો જ પુરાવો છે. નૂપુર શર્માને વૈશ્વિક વિરોધને પગલે તાબડતોબ પાર્ટીમાંથી સસ્પેન્ડ કરવાં પડ્યાં એ તો મહારથીની મજબૂરી હતી, પરંતુ સમજનારા તો સમજે છે કે નુપૂર કોઈ નાદાન ગ્રામકન્યા નહોતી. એને રાષ્ટ્રીય પ્રવક્તા જેવી મહત્ત્વની જવાબદારી એની યોગ્યતા જોઈને જ સોંપાઈ હતી દિલ્હીના મુખ્યમંત્રી અને ભાજપનાં ખેરખાં જેના સતત આગળ વધતા જનપ્રભાવથી આતંકિત છે એવા આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલ વિરુદ્ધ પાર્ટીએ કોઈ 'નગણ્ય તત્ત્વ'ને ચૂંટણીના મેદાનમાં થોડું ઉતાર્યું હોય? આજે નુપૂરને કારણ દેશ બદનામ થઈ ગયો છે પણ હિંદુત્વનું કાર્ડ વધુ મજબૂત થઈગયું છે. હવે પાકિસ્તાન સહિતના ઈસ્લામિક દેશોમા થઈ રહેલા પયગંબરના અપમાનની પ્રતિક્રિયાનો પડઘો દેશમાં મહાનગરોમાં પડ્યો છે અને ઠેર ઠેર કોમી તોફાનો ફાટી નીકળે એવી સ્ફોટક પરિસ્થિતિ સરજાઈ છે ત્યારે આંદોલન કરનાર એક્ટિવિસ્ટોને શોધી શોધીને યુપી સરકાર એમનાં ઘરો પર બુલડોઝર ચલાવી રહી છે. દેખીતી રીતે આ ઘણી કડક અને કઠોર બલકે અમાનવીય કહી શકાય તેવી સજા છે. ગુનેગાર એક પરિવારનો સભ્ય હોય છે. એના ગુનાની સજા એને કરવાને બદલે આખેઆખા પરિવારને કરાય તે કેવો 'ન્યાય' છે, પરંતુ ઉત્તરપ્રદેશના લોકપ્રિય હિંદુ હિત રક્ષક મહંત મુખ્યમંત્રીએ આવી સજાનો સિલસિલો ચાલુ કરીને લઘુમતી સમાજને આતંકિત કરી મૂક્યો છે. હવે એ સમાજનો યુવા વર્ગ આતંકવાદીઓના સકંજામાં ન આવે તો જ નવાઈ. ફાતિમાનું ઘર તોડી નાખવાથી એક મહિલા એના ગુનેગાર પુત્રના કુકૃત્યથી રસ્તા પર આવી જાય છે. એનો આખો પરિવાર 'બેઘર' બની જાય છે. નજર સામે જિંદગીભરના અરમાનોની ઈંટો ભેગી કરી ચણાવેલું ઘર સરકાર જ તોડાવી રહી હોય ત્યારે એ દુખિયારી સ્ત્રીનું હૈયું કેવું બદદુઆ બોલતું હશે એની તો કલ્પના પણ ન થઈ શકે. ઓવૈસી જેવા કટ્ટરવાદી નેતાઓને સામે ચાલીને યોગીને મસાલો આપી દીધો છે. દેશભરના મુસલમાનોને ઉશ્કેરવા માટે આટલું પૂરતું થઈ પડે એમ છે. ઓવૈસી છેક ભુજ આવીને એ બુલડોઝરની રાજનીતિ પર આગ ઓકી શકે છે. એમનું લોજિક મુસલમાનોને જ નહીં, માનવતાવાદી અને કરુણાવાદી હિંદુ સદ્‌ગૃહસ્થોને પણ ગળે ઉતરે એવું છે. કિસાનોની લાશો પરાડી દેનાર અજય ટેનીનું ઘર સલામત રહેશે પણ ફાતિમાનું જમીનદોસ્ત થઈ જશે. કારણ એટલું જ કે એ મુસલમાન છે. તોફાનીઓ વચ્ચે પણ ધર્મના નામે વહેરાવંચો કરવાની નીતિ સામે ઓવૈસીએ પુણ્યપ્રકોપ ઠાલવ્યો છે. એમને વડાપ્રધાનને આરજૂ ગુજારી છે કે શું આ જ તમારું સબકા સાથ - સબકા વિકાસનું મોડલ છે ? યોગી મુખ્યમંત્રી છે, કોઈ ચીફ જસ્ટીસ તો નથી કે તે ગુનેગારની સજાનો હુકમ કરી શકે. ગુનેગારને અદાલતમાં ઢસડી જાઓ, એની સામે કાનૂન મુજબ કેસ ચલાવો. એના ગુનાની આકરી સજા સજા અદાલત ફરમાવે અને સરકાર એનો અમલ કરે તે ન્યાય ગણાશે. મુખ્યમંત્રી જ ચીફ જસ્ટિસની ભૂમિકામાં આવી જશે તો સંવિધાનનું શું ? ઓવૈસીએ એમની આગઝરતી સ્પીચમાં ઉઠાવેલા પ્રશ્નો ગંભીર વિચારણા માગી લે છે. પ્રજાના બે સમુદાયો વચ્ચે ખાઈ ઊભી કરાવનાર યોગી કદાચ હિંદુ બહુમતીનું ધ્રવીકરણ કરાવી મોદીને ત્રીજી ટર્મ અપાવવામાં સફળ થઈ શકશે પણ ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે આ કૂટનીતિ મોંઘી પડશે.

# સિનેમાગૃહો હજી મંદપ્રાણ કેમ છે ?

**મન-રંજન**
**દ્વનિલ પારેખ**

કોરોનાની દહેશત ફરી ઊભી થઈ છે. ગાંધીનગરમાં જ કેસો વધી રહયા છે. ત્યારે મનોરંજનની દુનિયા સામે સંકળાયેલા લોકોની ચિંતા પણ વધે એ સ્વાવિક છે. આમ તો છેલ્લા બે વર્ષથી સિનેમાગૃહોની હાલત દયનીય છે. બંધ જેવી હાલતમાં સિનેમાગૃહોના માલિકો કોરોના ખતમ થાય એની રાહ જોતા બેઠા હતા અને છેલ્લા છ મહિનાથી એ સ્થિતિમાં સુધારો પણ થયો હતો. છતાં સિનેમાગૃહો જે રીતે છલકાવા જોઈએ એવી ભીડ દેખાઈ નહોતી. અને એમાં ફરી કોરોનાની દહેશત ઊભી થઈ છે.

છેલ્લા છ એક મહિનામાં સિનેમાગૃહોની સારી એવી એવી ફિલ્મો રિલીઝ થઈ, આર.આર.આર., કેજીએફ-૧, જર્સી, ઝુંડ, 'ધાકડ, રન-વે, પૃથ્વીરાજ ચૌહાણ' જેવીઘણી ફિલ્મો સિનેમાગૃહોમાં આવી પણ એમાંથી 'આરઆરઆર' સિવાય ભાગ્યે જ કોઈ ફિલ્મો વિશે ચર્ચા થઈ કે એ ફિલ્મો સફળ થઈ! એમાં પણ કંગના રનૌતની ફિલ્મ 'ધાકડ' અને અક્ષયકુમારની ફિલ્મ 'પૃથ્વીરાજ ચૌહાણ'ની હાલત વધારે ખરાબ થઈ. આ ફિલ્મો વિશે ઘણી અપેક્ષા હતી. પણ

એ નિષ્ફળ સાબિત થઈ. ઐતિહાસિક ફિલ્મો બનાવવા માટે જાણીતા ચંદ્રપ્રકાશ દ્વિવેદીએ અગાઉ 'ચાણક્ય' સિરિયલ અને 'પિંજર' જેવી સરસ ફિલ્મો આપી હતી છતાં પૃથ્વરાજ ચૌહાણમાં નિષ્ફળ ગયા. ત્રણ વખત રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા કંગના રનૌતની ફિલ્મ 'ધાકડ'ની પણ કોઈએ નોંધ ન લીધી.

એક વાત એ પણ છે કે લોકો હજી પણ સિનેમાગૃહ તરફ ગતિ કરતા ખચકાટ અનુભવે છે. કોરોનાએ જે માહોલ ઊભો કર્યો હતો એમાં એ ટિકિટના રુપિયા ખર્ચીને સિનેમાગૃહમાં જવાનું ટાળે છે. સિનેમાગૃહની મોંઘી ટિકિટ કોરોનાના મંદપ્રાણ સમયમાં એના ખિસ્સાને પરવડે એવું લાગતું નથી. બીજું એક કારણ ડિજિટલ પ્લેટફોર્મ છે લોકોને એ વાતનો ખ્યાલ આવી ગયો છે કે, જે ફિલ્મો સિનેમાગૃહમાં રિલીઝ થાય છે એ એકાદ મહિના પછી જુદા જુદા ડિજિટલ પ્લેટફોર્મ પર જોવા મળવાની જ છે તો શા માટે સિનેમાગૃહમાં જઈને વધારે રુપિયા ખર્ચવા ? આ.આર.આર., કેજીએફ-૨, 'ઝુંડ', 'જર્સી' વગેરે ફિલ્મો અત્યારે નેટફ્લિક્સ કે પ્રાઈમ એમેઝોન કે 'ઝી'ના ડિજિટલ પ્લેટફોર્મ પર ઘર બેઠા નિહાળી શકો છો. પણ હા, સિનેમાગૃહના મોટા સ્ક્રિન પર ફિલ્મ જોવાનો જે લ્હાવો હોય એ લહાવો જતો કરવો પડે.'

કારણ જે પણ હોય ને સિનેમાગૃહ તરફ દર્શકના પગલાં હજી પૂર્વવત થયાં નથી. સારી ફિલ્મો આવી હોવા છતાં દર્શક સિનેમાગૃહના અંધકારને માણવા તૈયાર થયો નથી. 'ગંગુબાઈ કાઠિયાવાડી' કે 'આર.આર.આર.' ને બાદ કરતા સિનેમાગૃહનો ઉદ્યોગ હજી તો મંદપ્રાણ જ છે, એમાં કયારે તેજી આવશે એ ફરી એકવાર કોરોનાની ભીતિ મધ્યે કહી શકાય એમ નથી. આપણે ઈચ્છીએ કે આ ઉદ્યોગમાં પણ હવે તેજી આવે !

### દિન મહિમા

- વિશ્વ પવન દિવસ
- વિશ્વ વૃદ્ધ દુર્વ્યવહાર જાગૃકતા દિવસ

### આજનું ઔષધ



- તુલસીમાં એન્ટી ઓક્સિડેન્ટ ગુણ મળી ઓ છે જે સ્ટ્રોક અને હાઈ બ્લડપ્રેશરનું જોખમ ઘટાડે છે.

### ખડખડાટ

- એ.સી. ના ભાવ વધતા ઉનાળો રદ કરવામાં આવે છે સીધું ચોમાસું ચાલું...!

### આજનું વોટ્સએપ

- નિયમ જયારે નિશ્ચય બની જાય માણસ ત્યારે સફળ બની જાય...!

# નહિ તો મજાલ શી હોય એની કે આઘાત આપ્યાં કરે કારણ વગર, આદત હોય જૂઠા વચન આપવાની ને, પળે પળે છેતરયા કરે એમપણ બને

**એમ પણ બને**
**પારૂલ અમિત**

સંબધોમાં ઝગડા, સંઘર્ષ, સતત તણાવ ગ્રસ્ત રહ્યાં પછી દરેક માણસ સ્વાભાવિક રીતે શાંતિ ઈચ્છે છે. અમુક લોકો જિંદગી ને એટલા મોકા આપે અને એટલી સહન શીલતા દાખવે કે સામે વાળો માણસ પોતાના જ મંતવ્યો, મરજી અને અભિપ્રાય થોપી બેસાડે, આમાં વાંક આપણો જ હોય છે.

દરેકે માત્ર એ સમજવુ જરૂરી છે કે જીવવા ખાતર નહીં પણ જિંદગી માણવા માટે હોય છે.

જોખમ ખેડીને એકાદ યુ ટર્ન જીવનમાં બદલાવ લાવી શકે છે.

અને જોખમ ખેડતા આપણને કોણ રોકે છે? કદાચ આપણે ખુદ જ.

હા... દરેક માણસ એક ભય સાથે જીવે છે. એ દુ:ખને નોતરશે પણ જોખમ ને નહીં.

અમુક વાર તોફાન સારાં માટે આવતાં હોય છે, અમુકવાર હિંમત બતાવવાથી કે જોખમ ઉઠાવી લેવાથી પરિસ્થિતિને વધારે સારી રીતે કેળવી શકાય છે.... પણ આપણને તો જેવાં છીએ, તેવા જ રહેવું છે, લોકો શું કહેશે? નામોશી આવશે, કેવું લાગશે? વગેરે વગેરે....

દુનિયામાં આવેલ દરેક જણ દર સેકન્ડે એજ વિચારતો હશે કે લોકો શું કહેશે?

આપણી દુરદશાનું કારણ આપણે પોતે જ હોઈએ છીએ. આપણી પરવાનગી વગર આપણને કોઈ દુ:ખ પહોંચાડી જ ના શકે.

આપણે જ આપણી પરિસ્થિતિના ગુલામ બની જઈએ છીએ. હા આપણી પોતાની જ માનસિકતાના ગુલામ.

સાહસ ના ઉઠાવવાની આપણી નબળી વિચાર શક્તિ.

જીવનમાં આપણે હિંમત ના દાખવી શકવાના કારણે કેટલીય ખુશીઓ ગુમાવતા જઈએ છીએ.

સમજી લો કે વધારે માં વધારે શું થશે ચાર?

નિર્ણય તમારે કરવાનો છે-જીવનમાં તમારે શું જોઈએ છે.

જે ના ગમતું હોય એને જળ મૂડથી ઉખાડી નાખો, શું કામ એવા ફળ ની અપેક્ષા રાખો છો કે કંઈક ઉગી નીકળશે, મરજી વગરના ફળ ફળ નથી હોતા.

આપણું પ્રિય મનગમતું આપણે પોતે જ હોવું જોઈએ.આ વાસ્તવિકતા સ્વીકારવી રહી.

શું કામ કોઈકની મરજી, ગમો-અણગમો અપનાવી લેવાનો પોતાને હોમી ને.

પ્રયત્ન કરવો જોઈએ મધુરતા જાળવાય બન્ને પક્ષે, પણ સામે વાળાનું ગુલામ બની ને નહીં.

કંઈક કહીશ તો ખોટું લાગી જશે, નહીં ગમે અથવા સંબધ બગડશે, ઘૂતકારશે એ ભયમાં જ બધાં રહેતા હોય છે, ભયનું વિરોધી હિંમત છે, આપણે ભયભીત જેટલાં એટલું જ સામે વાળાની હિંમત બમણી થતી જાય છે.

વધુ ગૂંગળાયા વગર ભયભીત થયાં વગર મોડું કર્યા કરતાં નિર્ણય લઈને ભય દુર કરીને જીવનને માણી લેવું જોઈએ.

એક પ્રખ્યાત માણસ એની મીડિયાની કારકિર્દીમાં એટલો આગળ છે પણ એ એનાં પત્નિના શંકાશીલ સ્વભાવના કારણે એ રોજ એનાં રોષ, ચીડ, ખીજ, મનદુ:ખ નો શિકાર બનતો.પેલીએ ક્યારેય પ્રયત્ન ના કર્યા કે એનાં મનની વાત એની લાગણીઓને એનાં શોખને એ સમજી શકે.

રોજ રોજના કલેશ, સંઘર્ષ ને ઝગડા ને સમાવવા માટે એકબીજા પ્રત્યે આક્ષેપ થતાં માત્ર.બન્ને માંથી કોઈ તિલાંજલી આપવા તૈયાર નહોતા.

સતત બેચેની એમના વ્યવહાર એમના વર્તનમાં દેખાતી, બન્ને ને પોતે સાચા લગતા. ઊશ્કેરાટ ભર્યા ઝગડા પછી બન્ને શાંતિનું જીવન ઈચ્છતા. પણ પ્રયત્ન નહીં.

દાંમ્પત્ય જીવનમાં મોટા ભાગે બન્નેનું વ્યક્તિત્વ એકદમ જુદા જ પ્રકારનું જ હોય છે. શું કામ કોઈ એક કોઈ એ એક ને પોતાના વિચારો માં ઢાળવા ચાહે છે.શું કામ સરસ જીવનને પોતાના વિરુદ્ધ સ્વભાવે વ્યવહાર કરવાનું વિચારે છે. બન્નેની ટેવ, શોખ જુદા હોય છે, શું જેવાં છે તેવા મન મરજી થી ચાહી ના શકીએ. કામ વગરની દાખલગિરી વગર.

સંબધોમાં જો નિખાલસતા, મરજી અને પારદર્શિતા હોય તો કશું જ નડતર રૂપ નથી હોતું.

પણ અહીં તો માણસ જ એકબીજાને નડતર રૂપ નીવડે છે.

ચાલો મન મરજીથી જીવી લઈએ, ભય વગર જીવનને માણી લઈએ.

# ખરેખર શું આપણે દીકરી વિશે વાત કરવા માટે લાયક છીએ ખરા?

**જાત સાથે વાત**
**ધર્મેન્દ્ર ત્રિવેદી**

જે શિરે હું હાથ ફેરવતો હવે એ હાથ દે,
વિસ્તરે છે એમ સમજણનાં ફલકમાં દીકરી.

● અશોક ચાવડા

અંદાજે વાત છે સન. ૨૦૧૩-૧૪ની. સવારે ઉઠીને દુધ લેવા ઘરની બહાર નિકળ્યો. શિયાળાની એ સવારે હવામાં ધુમ્મસ હતું. દ્રશ્ય એવું હતું કે જાણે સ્વપ્નમાંથી જાગીને ફરી સ્વપ્નમાં પ્રવેશ્યા હોઈએ. થોડીવાર મૌન મુગ્ધતાથી એ વાતાવરણ માણ્યું. અચાનક મારું ધ્યાન ઘરની દિવાલે પાર્ક કરેલી મારી કારના પાછળના કાચ પર પડી. આખી રાત ઠરેલી ગાડીના કાચ પર હળવી ઝાકળ બાઝી ગઈ હતી, પણ એમાં મને ની નાનકડા પંજાની છાપ દેખાઈ અને હૈયું એક ધડકારો ચુકી ગયું. મારી નાનકડી દીકરીએ સ્કુલ વાન અવે તે પહેલાં તેની રાહ જોતા વખતે બાળસહજ આ ઝકળ પર પોતાના પંજાની છાપ છોડી હતી. અચાનક જ મારી આંખ સામે રહેલો એ કારનો કાચ, તેના પરની ઝાકળ અને નાના બે પંજાની છાપ ... એ બધું જ ઝાંખુ થતુ ગયું. હૃદયને કાંટાળા તારમાં જકડી દીધુ હોય એવી અનુભુતિ થઈ. ગારમાટીના ગોખલા નીચે, લાકડાની ડેલીના દરવાજે, અરે ઝુંપડીના તુટેલાફુટેલા બારણે અનાદીકાળથી વાગેલા કંકુ-થાપા મને ઘેરી વળ્યાં અને મારી ચારેતરફ ઘુમરાવા લાગ્યા ...

કારણ શું ? કારણ એટલું જ કે દીકરીના દરેક બાપને કુદરતે આ આશિષ આપેલા જ છે. દીકરીનો બાપ દિકરીના હોવાપણાથી જેટલો આનંદમાં હોય છે, એટલો જ આતંકિત પણ હોય છે. દીકરીના જન્મ બાદ બાપની આંખની કરડાકી ધીમે ધીમે કુમાશ ધારણ કરવા માંડે છે. એની લીંબુ લટકાવવાને લાયક બાહ્ય મુછો ભલે એવી ને એવી જ હોય ... પરંતુ બાપના અસ્તિત્વના ઘમંડની મુછોના છેડા આપોઆપ જ ઢળી પડે છે ! આમ શા માટે થતુ હશે ? એક તરફ 'મહેંદી તે વાવી માળવે ને એનો રંગ ગયો ગુજરાત રે'થી લઈને બીજી તરફ' દિકરી તો પારકી થાપણ કહેવાય' જેવા લગ્ન ગીતો છે જે દીકરીને પરણાવીને સાસરે વળાવવાની ક્ષણોને ગ્લોરીફાઈ કરે છે. પરંતુ હકીકતે દીકરાનું સ્વતંત્ર બનીને જવું માબાપને કદી ખુંચતુ નથી, પરંતુ ભારતીય લગ્ન વ્યવસ્થામાં દીકરીનું લગ્ન કરીને જવું અને તેના દુ:ખને સંકોરવા કદાચ આ ગીતો ખપમાં આવે. પરંતુ દીકરીના અસ્તિત્વની અને તેના હોવાપણાના અહેસાસ માટે આ બધા ગીતો ટૂંકા પડે. આજના પરિપ્રેક્ષ્યમાં વાત કરવી હોય તો ... 'પારણું થાકી જશે તો દીકરી જાગી જશે, સ્થીરતા પામી જશે તો દીકરી જાગી જશે' આ પંક્તિઓમાં ભાવિન ગોપાણી બાપનાદીકરી પ્રત્યેના મૃદુ ભાવને કેટલી સરસ રીતે ઉજાગર કરે છે ! દીકરાના બાપને મેં જોયા છે, નાનકડા દીકરાને રમાડતો આ બાપ એને હવામાં ઉછાળે, ગોળ ગોળ ફેરવે અને એવા તો કેતલાંય તોફાન કરતો મેં જોયો છે, પરંતુ દીકરેનો બાપ દીકરીને લઈને હળવે હળવે જ ઝુલે ઝુલતો હશે, એની સાથે કાલીઘેલી વાતો કરતા બાપના મોં પરના ભાવને પારખી ન શકાય, માત્ર ઝીલી જ શકાય.

દીકરી જેમ જેમ મોટી થતી જાય એમ એમ બાપ-દીકરીના સંબંધોનો આયામ બદલાતો જાય. બાપની સામે જતા અચકાતી દીકરી આજે થાકીને ઘેર આવેલા બાપને પાણીની પ્યાલાની સાથે સાથે એક જાદુની ઝપ્પી આપતી થઈ છે, કિશોરાવસ્થામાં આવેલી દીકરી આજે બાપને પોતાનું હૈયુ ખોલીને કહેતી થઈ છે 'ડેડ, લેટ મી ટેલ યુ વન થીંગ ... આઈ હેવ ક્રશ ઓન સમ બડી !' ત્યારે આજનો બાપ પણ કહી શકે છે 'બેટા, એન્જોય ધ ફીલ, પણ એ ક્રશને પ્રેમ સમજવાની ભૂલ ન કરતી !'. પરંતુ બદલાતા આ નવા મનોપર્યાવરણ વચ્ચે પણ દીકરીનો બાપ તો સતયુગ કાળનો બાપ જ રહે છે. એને સતત ભય રહે છે કે 'દીકરી જતી રહેશે ...?' અને એટલે જ દીકરીનો બાપ આજે દીકરીની સાથે આનંદથી જીવતા શીખી રહ્યો છે. હૈયા પર પથ્થર મૂકીને પણ દીકરીને સોલો ટ્રાવેલ કરવા મંજુરી આપતો થયો છે.

મારા પિતાજી એકદમ મીજાજી. કોઈની પણ સામે કદી ન ઝુકનારા એ મારી દીકરીના જન્મ બાદ જ્યારે એને જોવા પ્રથમવાર દવાખાને આવ્યા ત્યારનું એ દૃષ્ય આજે પણ મારા હૈયામાં કોતરાઈ ગયું છે. જેનાથી અમે સૌ થરથર કાંપતા એ અમારા પીતાજી દીકરીને ઘડીભર જોઈ રહ્યાં, તેમના મોં પર અનેક ભાવ પલટા થઈ રહેલા હું જોઈ રહ્યો. પછી ડરતાં ડરતાં એમણે મારી દીકરીના ગાલે આંગળીનું ટેરવું અડાડ્યું ... જાણે એમના સ્પર્શથી મારી નાજૂક દીકરી કેમ જાણે ઘાયલ થઈ જવાની હોય. આ મારફાડ માણસમાં આવેલું આ પરીવર્તન મને અજાયબ લાગેલું. પણ હા... હું કહીશ કે દીકરી વ્હાલનો દરીયો પોતે નથી, પરંતુ પોતે જેવી છે તેનાથી કઠોરમાં કઠોર હૈયામાં પણ એ કુમળો પીપળો જેમ પથ્થરમાં પોતાની જગા બનાવી લે છે એમ જગા બનાવી લે છે. અને એટલે જ ભાવિન ગોપાણીની આ પંક્તિ પ્રસ્તુત બને છે કે 'એટલે હે કૃષ્ણ તારા ચિત્રને ટાંકું છું હું, વાંસળી વાગી જશે તો દીકરી જાગી જશે !'

દીકરી બાબતે વાત કરતા જનમ ઓછો પડે કદાચ ... પણ ક્યારેક છતાંય એક પ્રશ્ન જરૂર મનમાં ઝબૂકે અને ચિત્તને ડામાડોળ બનાવે છે ... કે ખરેખર શું આપણે દીકરી વિશે વાત કરવા માટે લાયક છીએ ખરા ?

**હેન્ડબ્રેક :**

"દીકરી આપી આપ્યો હરીએ કુણા થવાનો અવસર
હતા અમે તો નહિતર સાવે'ય કાળમીંઢ શા પથ્થર"

- અજીત પરમાર

Cell : ૯૯૭૮૪૦૫૯૬૭
djtrivedi@gmail.com